# અલ્લાહ કહાં છે ?

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને એક શખ્સે સવાલ કીધો કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરઝંદ ! મને અલ્લાહ સાથે મુલાકાત કરવાની દલીલ બતાવો, જેથી મારા વાસ્તે રોશન થાય કે અલ્લાહ શું છે ! મેં ઘણા લોગો સાથે આ બાબતમાં બહસ કીધી છે પણ કોઈએ મને તસલ્લી બખ્શ જવાબ આપો નથી, અને એનાથી ઉલ્ટું મારી હૈરાનીમાં ઈઝાફો કીધો છે. આપ (અ.સ.) એ ફરમાવું કે, અય અલ્લાહના બંદા ! શું તુંએ કોઈ વક્ત દરિયાને દરમિયાન કિશ્તીમાં સવારી કીધી છે ? તેએ કહ્યું કે હાં ! આપે કહ્યું કે, જો એ કિશ્તી ઊંડા દરિયાઈ મોજાઓને દરમિયાનમાં જ તૂટી પડે અને તારે વાસ્તે નજાતનો કોઈ ઝરીઓ ન રહે અને તને પાણીમાં તરતાં ન આવડતું હોય ! તેએ કહ્યું કે એમ બને ! આપ (અ.સ.) એ ફરમાવું કે, શું તે ઘડીમાં તારા દિલમાં એ વાત પૈદા ન થાય કે, ચીઝોમાંથી કોઈ એવી ચીઝ છે જે તુને આ આફતમાંથી બચાવી લેવાની તમામ કુદરત રાખતી હોય અને તુને દરિયાનાં સાહિલ તક લાવી દે ! તેએ જવાબ આપો કે, જી હાઁ ! આપે ફરમાવું કે, તે ચીઝ જેથી તુને બચવાની ઉમ્મીદ છે તે જ ખુદા તઆલા છે જે તારા બચાવવા પર કાદિર છે, કે નજાત બખ્શે આફતમાં તે શખ્સને જે વક્ત નજાતનો કોઈ રસ્તો ન હોય અને મદદગાર થાય તે ગિરફતારે બલા શખ્સને કે જે વક્ત તેનો કોઈ જ મદદગાર ન હોય ! બેશક આ ખુદાતઆલાનો વુજૂદ છે ! ★